# The Indian Evidence Act – 1872

## ભારતીય પુરાવા અધિનિયમ – 1872

## ભારતીય પુરાવા અધિનિયમની કેટલીક પરીક્ષાલક્ષી મહત્વની કલમો

ભારતીય પુરાવા આધિનિયમમાં 1872માં કુલ 167 કલમો અને 11 પ્રકરણ છે.

- કલમ – 6 – એક જ બનાવના ભાગરૂપે હોય તે હકીકતો પ્રસ્તુત છે.
- કલમ – 8 – હેતુ, તૈયારી અને આગળનું કે પાછળનું વર્તન.
- કલમ – 9 – પ્રસ્તુત હકીકતોને ખુલાસો કરવા અથવા તે રજુ કરવા માટે જરૂરી હકીકતો ઓળખ પરેડ. (ઓળખ પરેડ)
- કલમ – 10 – સમાન યોજના સંબંધમાં કાવતરું કરનારે કહેલી કે કરેલી બાબતો.
- કલમ – 11 – જે હકીકતો બીજી રીતે પ્રસ્તુત ન હોય તે કયારે પ્રસ્તુત બને છે (એલીબી)
- કલમ – 14 – માનસિક અથવા શારીરિક સ્થિતિનું અથવા શારીરિક સંવેદનનું અસ્તિત્વ દર્શાવતી હકીકતો.
- કલમ – 17 – સ્વીકૃતિની વ્યાખ્યા.
- કલમ – 24 – ફોજદારી કાર્યવાહીમાં પ્રલોભન, ધમકી અથવા વચન ઉપરથી કરેલી કબૂલાત કયારે અપ્રસ્તુત ગણાય
- કલમ – 25 – પોલીસ અધિકારી સમક્ષ કરેલી કબૂલાત સાબિત કરી શકાશે નહીં.
- કલમ – 26 – આરોપી પોલીસ કસ્ટડીમાં હોય ત્યારે તેણે કરેલી કબૂલાત તેની વિરુદ્ધ સાબિત કરી શકાશે નહીં.

અમારી તમામ અપડેટ તમારા મોબાઈલ નંબર પર મેળવવા માટે 9722210596 પર job લખી મેસેજ કરો.

- કલમ – 27 – આરોપી પોલીસ મળેલી માહિતીનો કેટલો ભાગ સાબિત કરી શકાશે.
- કલમ – 28 – પ્રલોભન, ધમકી અથવા વચનથી મન ઉપર પડેલી છાપ દૂર થઈ ગયા પછી કરેલી કબૂલાત પ્રસ્તુત છે.
- કલમ – 30 – કબૂલાત કરનાર વ્યક્તિને તેમજ જેમના ઉપર એક જ ગુના માટે સંયુક્ત રીતે ઈન્સફી કાર્યવાહી ચાલતી હોય તેવી બીજી વ્યક્તિઓને અસર કરતી અને સાબિત થયેલા કબૂલાતની વિચારણા.
- કલમ – 32 – મુત્યુ પામેલી અથવા ન મળી આવતી વ્યક્તિ વગેરેએ જ પ્રસ્તુત હકીકત વિષે કરેલું કથન કેવા સંજોગોમાં પ્રસ્તુત ગણાય. (Most.I.M.P.)
- કલમ – 34 – હિસાબના ચોપડામાંથી નોંધ કયારે પ્રસ્તુત ગણાય
- કલમ – 36 – નકશા ચાર્ટ અને પ્લાનમાંના કથનોની પ્રસ્તુતતા.
- કલમ – 38 – કાયદાના પુસ્તકોમાં હોય તેવા કોઈ કાયદા વિષેના કથનોની પ્રસ્તુતતા.
- કલમ – 45 – નિષ્ણાંત વ્યક્તિઓના અભિપ્રાયો. (Most.I.M.P.)
- કલમ – 46 – નિષ્ણાત વ્યક્તિઓના અભિપ્રાયો સાથે સંબંધ ધરાવતી હકીકતો. (Most.I.M.P.)
- કલમ – 47 – હસ્તાક્ષર વિષેનો અભિપ્રાય.(Most.I.M.P.)
- કલમ – 48 – હક્ક આથવા રિવાજના અસ્તિત્વ વિષેનો અભિપ્રાય કયારે પ્રસ્તુત ગણાય
- કલમ – 49 – પ્રથાઓ, માન્યતાઓ વગેરે વિષેનો અભિપ્રાય કયારે પ્રસ્તુત ગણાય.
- કલમ – 50 – સગપણ વિષેનો અભિપ્રાય કયારે પ્રસ્તુત ગણાય
- કલમ – 53 – ફોજદારી કેસોમાં અગાઉનું સારું ચારિત્ર્ય પ્રસ્તુત છે

અમારી તમામ અપડેટ તમારા મોબાઈલ નંબર પર મેળવવા માટે 9722210596 પર job લખી મેસેજ કરો.

- કલમ – 59 – મૌખિક પુરાવાથી હકીકતે સાબિત કરવા બાબત
- કલમ – 60 – મૌખિક પુરાવો પ્રત્યક્ષ હોવો જોઈશે.
- કલમ – 61 – દસ્તાવેજોના મજકૂરની સાબિતી.
- કલમ – 62 – પ્રાથમિક પુરાવો.
- કલમ – 63 – ગૌણ પુરાવો
- કલમ – 65 – જેમાં દસ્તાવેજો સંબંધી ગૌણ પુરાવો આપી શકાય તેવા સંજોગો.
- કલમ – 65 (B) – ઈલેક્ટ્રોનિક રેકર્ડની ગ્રાહ્યતા.
- કલમ – 74 – જાહેર દસ્તાવેજો
- કલમ – 75 – ખાનગી દસ્તાવેજો
- કલમ – 76 – જાહેર દસ્તાવેજોની પ્રમાણિત નકલો.
- કલમ – 79 – પ્રમાણિત નકલો ખરી હોવા વિષે માની લેવા બાબત.
- કલમ – 81 – ગેઝેટો, વર્તમાનપત્રો, પાર્લામેન્ટના ખાનગી અધિનિયમો અને બીજા દસ્તાવેજો વિષે માની લેવા બાબત.
- કલમ – 83– સરકારના અધિકારથી નકશા કે પ્લાન વિષે માની લેવા બાબત
- કલમ – 85 – મુખત્યારનામા (Power of attorney) વિષે માની લેવા બાબત
- કલમ – 90 – ત્રીસ વર્ષ જૂના દસ્તાવેજો વિષે માની લેવા બાબત (Most.I.M.P.)
- કલમ – 91 – દસ્તાવેજી સ્વરૂપ અપાયેલા કરારોની, ગ્રાન્ટોની અને મિલ્કતની બીજી વ્યવસ્થાની વિગતોનો પુરાવો.
- કલમ – 101– સાબિતીનો બોજો (Most.I.M.P.)
- કલમ – 102 – સાબિતીનો બોજો કોના ઉપર છે (Most.I.M.P.)
- કલમ – 103 – ચોક્કસ હકીકત વિશે સાબિતીનો બોજો
- કલમ – 107 – ત્રીસ વર્ષ દરમિયાન હયાત હોવાનું જેના વિષે જાણવામાં આવ્યું હોય તે વ્યક્તિનું મૃત્યુ સાબિત કરવાનો બોજો (Most.I.M.P.)

અમારી તમામ અપડેટ તમારા મોબાઈલ નંબર પર મેળવવા માટે 9722210596 પર job લખી મેસેજ કરો.

- કલમ – 108 – સાત વર્ષ સુધી જેના ખબર અંતર ન મળ્યા હોય તે વ્યક્તિ હયાત છે એ વાત સાબિત કરવાનો બોજો
- કલમ – 112 – લગ્નજીવન દરમિયાન થયેલો જન્મ ઔરસતાની નિર્ણાયક સાબિતી છે
- કલમ – 113 – રાજ્યક્ષેત્ર સોંપી દીધાની સાબિતી
- કલમ – 113(A) – પરિણીત સ્ત્રીઓએ કરેલા આપઘાતમાં મદદગારી કરી હોવાનું માની લેવા બાબત (Most.I.M.P.)
- કલમ – 113(B) – ડાવરી (દહેજ) મૃત્યુ અંગે અનુમાન (Most.I.M.P.)
- કલમ – 114 – કેટલીક હકીકતોનું અસ્તિત્વ ન્યાયાલય માની લઈ શકશે (Most.I.M.P.)
- કલમ – 115 – પ્રતિબંધ (Most.I.M.P.)
- કલમ – 118 – કોણ સાક્ષી આપી શકે?
- કલમ – 119 – મૂંગા સાક્ષીઓ
- કલમ – 122 – લગનજીવન દરમિયાન જણાવેલી બાબતો
- કલમ – 123 – રાજ્યના કામકાજ વિષે પુરાવો
- કલમ – 133 – ગુના-સાક્ષી
- કલમ – 137 – સર-તપાસ
- કલમ – 139 – દસ્તવેજ રજૂ કરવા માટે બોલાયેલા સાક્ષીની ઊલટ-તપાસ
- કલમ – 140 – ચારિત્ર્ય વિષેના સાક્ષીઓ
- કલમ – 141 – સૂચક પ્રશ્નો
- કલમ – 142 – તે કયારે પૂછી શકાય નહીં.
- કલમ – 143 – તે કયારે પૂછી શકાય
- કલમ – 144 – લેખિત બાબતો વિષે પુરાવો
- કલમ – 145 – લખીને અગાઉ કરેલાં કથનો વિષે તપાસ કરવા બાબત

અમારી તમામ અપડેટ તમારા મોબાઈલ નંબર પર મેળવવા માટે 9722210596 પર job લખી મેસેજ કરો.

- <u>કલમ</u> – 154 – પક્ષકારે પોતાના સાક્ષીને પૂછવાના પ્રશ્નો બાબત (Most.I.M.P.) Hostile witness
- <u>કલમ</u> – 159 – યાદદાસ્ત તાજી કરવા બાબત
- <u>કલમ</u> – 161 – યાદદાસ્ત તાજી કરવા વપરાયેલાં લાખના વિષે પ્રતિપક્ષીનો હક
- <u>કલમ</u> – 165 – પ્રશ્નો પૂછવાની કે રજૂ કરવાનો હુકમ કરવાની ન્યાયાધીશની સત્તા.

## પરીક્ષાલક્ષી મહત્વના પ્રશ્નોના જવાબ

⇒ ભારતીય પુરાવાનો કાયદો 1 સપ્ટેમ્બર 1872થી અમલમાં આવ્યો. આ કાયદામાં 11 પ્રકરણ અને 167 કલમો છે. આ કાયદાનું વ્યાપ્તિક્ષેત્ર જમ્મુ – કાશ્મીર સિવાયના સમગ્ર ભારતને લાગુ પડે છે.

⇒ સુસંગત હકીકતોની જોગવાઈ કલમ 6 થી 55માં કરવામાં આવી છે.

⇒ આ કાયદા મુજબ 'હકીકત'માં બે બાબતોનો સમાવેશ થાય છે. (1) ઇન્દ્રિયોથી અનુભવ (2) માનસિક સભાનતા.

⇒ સાબિતી એટલે અદાલતને સંતોષ થાય એ રીતે યોગ્ય કાયદેસરના સાધનો દ્વારા હકીકતોનું સ્થાપન.

⇒ પ્રસ્તુત કે સુસંગત હકીકત, વાદગ્રસ્ત કહીકત, દસ્તાવેજ, પુરાવાની વ્યાખ્યાઓ કલમ – 3માં આપેલી છે.

⇒ સાંયોગિક પુરાવો એટલે પ્રત્યક્ષ ન હોય પણ જેનાથી આનુમાન તારવી શકાય એવો પુરાવો.

⇒ સુસંગત હકીકત એટલે જયારે એક હકીકત બીજી હકીકત સાથે સંકળાયેલી હોય ત્યારે.

અમારી તમામ અપડેટ તમારા મોબાઈલ નંબર પર મેળવવા માટે 9722210596 પર job લખી મેસેજ કરો.

⇒ વાદગ્રસ્ત હકીકત એટલે જે હકીકત બાબતે વિવાદ હોય અને તે અંગે અદાલતે નિર્ણય કરવાનો હોય તેવી બાબત વાદગ્રસ્ત હકીકત ગણાય.

⇒ પોલીસ કસ્ટડી એટલે અટક કરેલ વ્યકિત, પૂછપરછ માટે બોલાવેલ વ્યકિત, વિસ્તાર ન છોડવા આદેશ આપેલ વ્યકિત, રિમાન્ડ પર લીધેલ અને પોલીસ લોકઅપમા હોય તે વ્યકિત પોલીસ કસ્ટડીમાં છે તેમ કહેવાય.

⇒ સ્વીકૃતિની વ્યાખ્યા કલમ -17 માં આપેલ છે.

⇒ આ કાયદાની કલમ - 25માં પોલીસ સમક્ષ આરોપીએ કરેલી કબૂલાત તેની વિરુદ્ધમાં પુરવાર કરવા દેવામાં નહી આવે તેવી જોગવાઈ છે.

⇒ મરણોન્મુખ નિવેદન જોગવાઈ કલમ – 32 (i) માં છે. આ નિવેદન કોઈપણ નોંધી શકે છે. આ નિવેદન સગા-સબંધિની હાજરીમાં નોંધવું જોઈએ. તેમજ "મરણોન્મુખ નિવેદન" નિવેદન આપનારી ભાષામાં લખાયેલું હોવું જોઈએ. પોલીસ સમક્ષ કરેલ મરણોન્મુખ નિવેદન FIR બની શકે છે. આ નિવેદન લેખિત – મૌખિક કે ઇશારાથી આપી શકાય છે. મરણોન્મુખ નિવેદન એ 'સાંભળેલા પુરાવા' પ્રકારનો પુરાવો છે.

⇒ ફરજ બજાવતા જાહેર રેકોર્ડમાં કરેલી નોંધ પુરાવાના કાયદા પ્રસ્તુત ગણાય.

⇒ લગ્નવિચ્છેદ બાદ પુન:લગ્ન ન કરનાર સ્ત્રી 280 દિવસો સુધી બાળકને જન્મ આપે તો તે ઔરસ બાળક ગણાય છે.

⇒ પૂર્વ નિર્ણય બાદની જોગવાઈ કલમ -38 માં છે.

⇒ પરિણીત સ્ત્રીની આત્મહત્યામાં મદદગારી અંગેના અનુમાનની જોગવાઈ કલમ - 113 (એ). દહેજ મૃત્યુ અંગે સ્ત્રીના મૃત્યનું કારણ અંગેના અનુમાનની જોગવાઈ કલમ-113 (બી) ફોજદારી ધારાની કલમ-498 (ક) અંગેના ગુનામાં સ્ત્રીની આત્મહત્યામાં મદદગારી અંગે અનુમાન કરવાની જોગવાઈ પુરાવાના કાયદાની કલમ-113 (બી).

અમારી તમામ અપડેટ તમારા મોબાઈલ નંબર પર મેળવવા માટે 9722210596 પર job લખી મેસેજ કરો.

⇒ વસિયતનામું, લગ્નવિષયક, વહાણવટા, નાદારી વિષય અંગેના અદાલતના અંતિમ ચુકાદાઓ પુરાવામાં પ્રસ્તુત ગણાય છે.

⇒ ચોરી પછી તરત જ ચોરાયેલા માલનો કબજો ધરાવનાર અંગે અનુમાનની જોગવાઈ કલમ-114.

⇒ પુરાવાના કાયદામાં 'નિષ્ણાંત વ્યક્તિઓ'માં વિદેશી કાયદાનો નિષ્ણાંત, વિજ્ઞાન કે કળાનો નિષ્ણાંત, હસ્તાક્ષર નિષ્ણાંત અને ફિંગર પ્રિન્ટના નિષ્ણાંતનો સમાવેશ થાય છે.

⇒ બળાત્કારના કેસમાં ફોજદારી કાર્યવાહીમાં સ્ત્રીની સંમતિ અંગે સ્ત્રીએ સહમતી આપી ન હતી તેવું સ્ત્રીનું નિવેદન માની લેવાની જોગવાઈ કલમ-114 (એ).

⇒ હસ્તાક્ષર સાત રીતે પુરવાર કરી શકાય છે.

⇒ સક્ષમ સાક્ષીઓની જોગવાઈ કલમ-118 (પૂછેલા પ્રશ્નોના સમજપૂર્વક જવાબ ન આપી શકે તેવી વ્યક્તિ સક્ષમ સાક્ષી ના બની શકે.) બહેરો કે મૂંગો વ્યક્તિ સાક્ષી બની શકે. મૂંગા વ્યક્તિએ લેખિતમાં આપેલો પુરાવો 'મૌખિક પુરાવો" પ્રકારનો પુરાવો ગણાય. મૂંગા સાક્ષીનો પુરાવો ખુલ્લી અદાલતમાં લેવાવો જોઈએ. મૌનવ્રત ધારણ કરનાર મૂંગા પ્રકારનો સાક્ષી છે. દીવાની પ્રકારના કેસમાં પતિ-પત્ની સક્ષમ સાક્ષીઓ છે.

⇒ વ્યક્તિના ચારિત્ર્યમાં પ્રતિષ્ઠા અને પ્રકૃતિનો સમાવેશ થાય છે.

⇒ સહ આરોપી અન્ય આરોપી વિરુદ્ધ સાક્ષી આપી શકે તેવો જોગવાઈ કલમ-133.

⇒ સાબિતીની જોગવાઈ પુરાવાના કાયદાના પ્રકરણ-3માં કરવામાં આવી છે.

⇒ પ્રતિરોધની વ્યાખ્યા કલમ-115, પ્રતિરોધના ચાર પ્રકારો છે.

⇒ મૌખિક પૂરાવો એટલે સાક્ષીઓએ અદાલત સમક્ષ કરેલ નિવેદનો. જે પ્રત્યક્ષ હોવો જોઈએ. આ કાયદાના પ્રકરણ-4માં મૌખિક પુરાવાની જોગવાઈ

અમારી તમામ અપડેટ તમારા મોબાઈલ નંબર પર મેળવવા માટે 9722210596 પર job લખી મેસેજ કરો.

છે. દસ્તાવેજ અથવા ઇલેક્ટ્રોનિક રેકોર્ડ સિવાયની તમામ વિગતો મૌખિક પુરાવાથી સાબિત કરી શકાય છે.

⇒ શોધકો, વેતન મેળવતા બાતમીદારો, છટકાનાં સાક્ષીઓ સહતહોમતદાર નથી.

⇒ દસ્તાવેજી પુરાવો એટલે અદાલતના નિરીક્ષણ માટે રજૂ કરવામાં આવતા તમામ દસ્તાવેજો મોટે ભાગે પ્રાથમિકપીરવાથી સાબિત કરવા પડે છે.દસ્તાવેજો પ્રાથમિક પુરાવાથી સાબિત કરવા પડશે. પરંતુ ગૌણ પુરાવાથી સાબિત કરી શકાય તેવા 8 અપવાદો છે.નોંધાયેલ ન હોય, યોગ્ય સ્ટેમ્પ લગાડેલ ન હોય તેવા દસ્તાવેજ પુરવામાં સ્વીકાર્ય ન બને. જાહેર દસ્તાવેજની જોગવાઈ કલમ-74.

⇒ પોલીસ કે મેજિસ્ટ્રેટને ગુનો થયાની માહિતી ક્યાંથી મળી તે કહેવાની ફરજ ન પાડી શકાય એવી જોગવાઈ કલમ-125.

⇒ પુરાતન દસ્તાવેજ એટલે 30 વર્ષ જૂનો દસ્તાવેજ.

⇒ શરત તપાસની વ્યાખ્યા કલમ-137, શરત તપાસ એટલે સાક્ષીને બોલાવનાર પક્ષકાર દ્વારા સાક્ષીની થતી તપાસ.

⇒ કરાર, ગ્રાન્ટ અને મિલકત વ્યવસ્થા અંગેના દસ્તાવેજોમાં મૌખિક પુરાવો સ્વીકારવામાં આવતો નથી.

⇒ ઊલટ તપાસની વ્યાખ્યા કલમ-137, ઊલટ તપાસ એટલે સામો પક્ષકાર સાક્ષીની તપાસ કરે તે.

⇒ ફેર તપાસ એટલે જે પક્ષકારે સાક્ષીને બોલાવ્યો હોય તે પક્ષકાર સાક્ષીની ઊલટ તપાસ થયા પછી તેની જે તપાસ કરે તે ફેરતપાસ કહે છે. ફેર તપાસ પ્રતિપક્ષી કરી શકે નહી.

અમારી તમામ અપડેટ તમારા મોબાઈલ નંબર પર મેળવવા માટે 9722210596 પર job લખી મેસેજ કરો.

⇒ પુરાવાના બોજાની વ્યાખ્યા કલમ-101માં આપેલી છે. કોઈ મુદ્દાનું વિધેયાત્મક પ્રતિપાદન કરવા માટેનો બોજો વાદી કે પ્રતિવાદીના શિરે હોય છે.

⇒ સૂચક પ્રશ્ન એટલે શું વ્યક્તિ જે જવાબ મેળવવા ઇચ્છે છે તે પ્રશ્નમાં જ સૂચિત થતો હોય તેવો પ્રશ્ન.

⇒ ઊલટ તપાસ પ્રકારની તપાસમાં સૂચક પ્રશ્નો પૂછી શકાય છે. સૂચક પ્રશ્નોની વ્યાખ્યા કલમ-141માં અપાયેલ છે. ફેર તપાસ પ્રકારની તપાસમાં સૂચક પ્રશ્નો ન જ પુછી સકાય.સર તપાસની તપાસમાં અનિવાર્ય સંજોગોમાં અદાલતની પરવાનગીથી સૂચક પ્રશ્નો પૂછી શકાય.

⇒ ઉલટ તપાસ એ સામા પક્ષકારનો અધિકાર છે.

⇒ સાક્ષીની સચ્ચાઈની કસોટી કરવા માટે ચારિત્ર્યને લગતા પ્રશ્નો પૂછવાની જોગવાઈ કલમ-146

⇒ અદાલત નીચે મુજબના પ્રશ્નો પૂછવાની ના પાડી શકે છે.

(1)અસભ્ય અને બદનક્ષીકારક(કલમ-151)

(2)ઈરાદાપુર્વકનું અપમાન (કલમ-152)

(3)ગુસ્સે કરતાં પ્રશ્નો (કલમ-152)

⇒ પંચનામાંનું પુરાવામાં મૂલ્ય અંગેની જોગવાઈ કલમ-157માં કરવામાં આવી છે.

⇒ વિરોધી સાક્ષીની જોગવાઈ કલમ 154માં કરવામાં આવી છે. વિરોધી અથવા ફરી ગયેલ સાક્ષી એટલે બોલાવનાર પક્ષની વિરુદ્ધમાં સાક્ષી આપે તેને અથવા જે સાક્ષીને વિરોધી પક્ષકારે જીતી લીધો છે તેવો સાક્ષી.

નોંધ : નીચલી અદાલતમાં આપેલ નિવેદનને ઉપલી કોર્ટમાં બદલનાર સાક્ષી વિરોધી સાક્ષી ન કહેવાય.

⇒ જો સાક્ષી ફરી જાય તો બોલાવનાર પક્ષ સાક્ષીની ઊલટ તપાસ કરી શકે.

અમારી તમામ અપડેટ તમારા મોબાઈલ નંબર પર મેળવવા માટે 9722210596 પર job લખી મેસેજ કરો.

નોંધ : સાક્ષીની વ્યાખ્યા પુરાવાના કાયદામાં અપાયેલ નથી.

⇒ નિર્ણાયક સાબિતી એટલે જયારે અદાલત એક હકીકતની સાબિતીથી બીજી હકીકતને સાબિત થયેલી ગણે અને તેને ના સાબિત કરવા માટેનો પુરાવો આપવાની પરવાનગી ન આપે તેને નિર્ણાયક સાબિતી કહે છે.

⇒ સ્વીકૃતીઓના બે પ્રકાર છે. (1) ન્યાયિક સ્વીકૃતિઓ અને (2) બાહ્ય સ્વીકૃતિઓ.

⇒ સાક્ષીની પ્રતિષ્ઠા પર આરોપણ કરવાની જોગવાઈ કલમ-155

⇒ કલમ- 105માં આરોપી પોતે નિર્દોષ છે તેવું અનુમાન કરાવવાના અધિકારની જોગવાઈ છે.

⇒ કલમ – 105માં આરોપી પોતે નિર્દોષ છે. તેવું અનુમાન કરાવવાના અધિકારની જોગવાઈ.

⇒ કલમ 9માં ઓળખ પરેડની જોગવાઈ છે.ઓળખ પરેડ એ સમર્થનકારી પ્રકારનો પુરાવો કહી શકાય. ઓળખપરેડ એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ અને પંચોની હાજરીમાં કરાવવામાં આવે છે. અવાજ,ઘરેણા, સાડી, કોઈ વસ્તુ કે ફોટાથી ઓળખ પરેડ થઈ શકે છે. સાક્ષીઓ આરોપીઓને પહેલેથી ઓળખતા હોય અને આરોપીની ગુના સ્થળેથી તરત જ ધરપકડ કરાઈ હોઈ, ત્યારે આરોપીની ઓળખપરેડ કરવાની જરૂરત નથી.

⇒ દસ્તાવેજ રજૂ કરવાનો ઈન્કાર કરનાર વ્યક્તિ પાછળથી દસ્તાવેજ પુરાવામાં મૂકી શકતો નથી.

⇒ સાક્ષીની યાદદાસ્ત તાજી કરાવવા અંગેની જોગવાઈ કલમ – 159.

⇒ સુસંગત હકીકત બે અર્થમાં પ્રયોજાય છે. (1) સ્વીકાર્ય હકીકત અને (2) સંકળાયેલ હકીકત

⇒ વાદગ્રસ્ત હકીકતમાં અધિકાર કે જવાબદારીનું તત્વ હોય છે.

⇒ પુરવામાં સાક્ષીઓ અને દસ્તાવેજોનો સમાવેશ થાય છે.

અમારી તમામ અપડેટ તમારા મોબાઈલ નંબર પર મેળવવા માટે **9722210596** પર **job** લખી મેસેજ કરો.

⇒ અનુમાન કરશેની વ્યાખ્યા કલમ – 4 માં અપાયેલ છે.

⇒ કાનૂની અનુમાનના બે પ્રકાર પડે છે. (1) ખંડનીય અનુમાન (2) અખંડનીય અનુમાન.

⇒ Evidence શબ્દ લેટિન Evidera શબ્દમાંથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ "નજર સમક્ષ સ્પષ્ટ" કરવું એવો થાય છે.

⇒ અદાલતમાં વાદગ્રસ્ત હકીકતો અને સુસંગત હકીકતને લગતી બાબતોનો પુરાવો આપી શકાય.

⇒ સાક્ષી કે પક્ષકારને પ્રશ્ન પૂછવાની ન્યાયાધીશની સત્તાની જોગવાઈ કલમ – 165

⇒ પ્રસ્તુત હકીકતમાં નીચે મુજબની બાબતોનો સમાવેશ થાય છે.

1) એક જ બનાવના ભાગરૂપ હકીકતો
2) વાદગ્રસ્ત હકીકત અંગેનો હેતુ, તૈયારી અને આગળ-પાછળના વર્તનને લગતી હકીકતો
3) વાદગ્રસ્ત હકીકતોનો ખુલાસો કરતી હકીકત
4) કાવતરામાં સંડોવાયેલ વ્યક્તિએ રજૂ કરેલી હકીકત

⇒ સહ આરોપીની કબુલાત સોગંદ ઉપર લેવી આવશ્યક નથી અને તેનું ઊલટ તપાસ દ્વારા પરીક્ષણ થઈ શકતું નથી.

⇒ સંબંધિતતા એ કાયદાનો પ્રશ્ન છે અને તે કોઈ પણ સમયે ઉઠાવી શકાય.

⇒ પુરાવાના કાનૂની નિયમો દ્વારા પુરાવાનો કાયદો બનેલો છે.

⇒ સાબિતીનું પ્રમાણ ફોજદારી કેસોમાં દીવાની કેસોથી ઘણું ઊંચું હોય છે.

⇒ ભારતીય પુરાવા અધિનિયમમાં સંબંધિતા અને સ્વીકારપાત્રતાનો અર્થ સમાન અર્થી પણ નહી અને સહ અસ્તિત્વ પણ નહીં.

અમારી તમામ અપડેટ તમારા મોબાઈલ નંબર પર મેળવવા માટે 9722210596 પર job લખી મેસેજ કરો.

⇒ પુરાવા અધિનિયમ હેઠળની સંભાવનાઓ હકીકતની પરિકલ્પનાઓ હંમેશા ખંડનાત્મક હોય છે જ્યારે કાયદાની પરિકલ્પનાઓ કાં તો ખંડનાત્મક કાં તો બિનખંડનાત્મક હોય છે.

⇒ હકીકતની સાબિતીનો આધાર નિવેદનની ચોકસાઈ ઉપર નહી પરંતુ તેના અસ્તિત્વની શક્યતા ઉપર રહેલો છે.

⇒ આત્મલક્ષી નિવેદનો પોતાને મદદકર્તા અથવા હાનિકારક હોઈ શકે.

⇒ "આત્મલક્ષી" નિવેદનોની સ્વીકાર પાત્રતા અંગે સાચું છે કે સ્વ-હાનિકારક નિવેદન સ્વીકાર્ય છે પરંતુ સામાન્ય રીતે સ્વ-મદદકારક નિવેદનો સ્વીકાર પાત્ર નથી.

⇒ પુરાવા અધિનિયમ હેઠળ, સંબંધિત હકીકતો ફરજિયાત પણે કાયદાને સંલગ્ન હોય છે.

⇒ ભારતીય પુરાવા અધિનિયમ સર જેમ્સ એફ.સ્ટીફન દ્વારા ઘડવામાં આવ્યો છે.

## MOST IMP

⇒ FRI એ જાહેર દસ્તાવેજ છે.(પુરાવાની કલમ -47)

⇒ ઓળખ પરેડ બને તેટલી જલ્દી કરવી જોઈએ, ઓળખ પુરાવા સિવાય અન્ય પુરાવા ન હોય તો આરોપીને છોડી મુકવો જોઈએ.

⇒ "ડીસ્કવરી-શોધ" સમયે આરોપીએ સાક્ષીને માહિતી આપવી જોઈએ, પોલીસને નહી.

⇒ "ડીસ્કવરી" બાબતે આરોપી જણાવવા માંગતો હોય તે અન્ય કોઈ જાણતું ન હોવું જોઈએ.

⇒ ચોરી થયા પછી ગુનેગાર પાસે ચોરીનો માલ મળ્યો હોય તો ગુનેગારે ચોરી કરી છે તેમ મનાય.

અમારી તમામ અપડેટ તમારા મોબાઈલ નંબર પર મેળવવા માટે 9722210596 પર job લખી મેસેજ કરો.

⇒ પત્નિના આપઘાતના બનાવ પછી પતિ ભાગી ગયો તે પુરવામાં પ્રસ્તુત હકીકત છે.

⇒ આરોપીએ આપેલ માહિતી વગર વસ્તુઓ મળે તે સંબંધિત હકીકત નથી.

⇒ એક કરતાં વધરે ગુનેગરમાંથી કોઈ ગુનેગાર કોઈ ગુના અંગે કથન કરે તો તે કથન બીજા ગુનેગાર સામે વાપરી શકાય નહી.

⇒ મરણોત્તર નિવેદનને પુષ્ટિની જરૂર નથી.

⇒ મારણોન્મુખ નિવેદન કરનાર જીવી જાય તો તેનું નિવેદન તે સાક્ષીની ઊલટ તપાસ માટે ઉપયોગી બની રહે.

⇒ ઈ.પી.કોડમાં જણાવેલ ગુનાના અપવાદ સાબિત આપતો બોજો આરોપીનો છે.

⇒ મારણોન્મુખ નિવેદન હેડ કોન્સ્ટેબલ લઈ શકે છે.

⇒ ઈન્કમટેક્ષ અધિકારી પણ પુરાવાના નિયમોનું ચુસ્તપણે પાલન કારવા બંધાયેલ નથી.

⇒ હિસાબના ચોપડામાંની નોંધ પ્રસ્તુત ગણાય જ્યારે જે બાબત વિષે કોર્ટને તપાસ કરવાની હોય તે સંબંધી હોય તો તે પ્રસ્તુત છે (કલમ – 34)

⇒ ફરજ બજાવતા કર્મચારીએ કોઈ જાહેર કે બીજા સરકારી ચોપડા, રજીસ્ટર કે રેકર્ડમાં હોદ્દાની રૂએ કરેલી નોંધ પ્રસ્તુત છે. (કલમ -35)

⇒ પોલીસ અધિકારીએ ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કર્યો હોય ત્યારે આરોપી વિરુદ્ધ પુરવામાં સ્વીકારવા જેવું કંઈ નથી. સિવાય કે તે સાક્ષીએ સોગંદપૂર્વક જણાવ્યું હોય. (કલમ – 36 )

⇒ અમુક અધિનિયમમાં જાહેરનામામાં કે રાજ્યપત્રોમાં (ગેઝેટમાં) પ્રસિદ્ધ થયેલ લખાણ પ્રસ્તુત હકીકત છે. (કલમ – 37)

અમારી તમામ અપડેટ તમારા મોબાઈલ નંબર પર મેળવવા માટે **9722210596** પર **job** લખી મેસેજ કરો.

⇒ નિષ્ણાતનો પુરાવો ગ્રાહ્ય છે. (કલમ – 45)

⇒ મૌખિક પુરાવો પ્રત્યક્ષ (Direct) હોવો જોઈએ. (કાલમ – 60)

⇒ પરિણીત સ્ત્રીઓએ કરેલા આપઘાતમાં મદદગારી કરી હોવાનું અનુમાન કરવા બાબત. [કલમ – 113 (એ)

⇒ દહેજથી મૃત્યુના કેસમાં અનુમાન કરવા બબત. [કલમ – 113 (બી)

⇒ કબુલાત પોલીસ કસ્ટડીમાં થઈ હોય ત્યારે તે આરોપી સામે સાબિત થઈ શકે નહી.

⇒ ખાતાના સત્તાધિકારીઓએ તેમજ વહીવટી ટ્રીબ્યુનલોએ પુરાવા અધિનિયમ હેઠળ અપ્રસ્તુત જણાવ્યું હોય તેને ચુસ્તપણે વળગી રહેવાનું છે,

⇒ બળાત્કારના કેસમાં ભોગ બનનાર કોર્ટ સમક્ષ એમ જણાવે કે પોતે કોઈ સંમતિ આપી ન હતી તો કોર્ટ તેવું માનવા પ્રેરાશે. [કલમ – 114 (એ)

⇒ કોઈ ગુનો થયાની માહિતી પોતે ક્યાંથી મેળવી તે કહેવાની કોઈ મેજિસ્ટ્રેટને કે પોલીસ અધિકારીને ફરજ પાડી શકાશે નહી. (કલમ – 125)

⇒ એફ.આઈ.આર.ની હકીકત અંગે ફરિયાદીની ઊલટ તપાસ કરવાનો હક્ક બચાવના વકીલને મળે છે. ( કલમ – 145 )

⇒ કોઈ સાક્ષીનું સમર્થમ કરવા અગાઉ કરેલ ફરિયાદ સાબિત કરી શકશે. (કલમ – 157)

⇒ સાક્ષી તેની યાદદાસ્ત તાજી કરવા માટે દસ્તાવેજની નકલનો ઉપયોગ કરી શકે છે. (કાલમ – 159)

⇒ પોલીસ અધિકારી કેસ ડાયરી જોઈને તથા નિષ્ણાંત પોતાના વ્યવસાય અંગેના ગ્રંથો જોઈને યાદદાસ્ત તાજી કરી શકશે. (કલમ – 159)

અમારી તમામ અપડેટ તમારા મોબાઈલ નંબર પર મેળવવા માટે 9722210596 પર job લખી મેસેજ કરો.

⇒ પરંતુ પ્રતિપક્ષની માંગણીથી તે બતાવવું જોઈએ અને તે ઉપરથી સાક્ષીની ઊલટ તપાસ કરી શકશે. (કલમ – 161)

⇒ FIR નીચેના સંજોગોમાં સમર્થનકારક પુરાવો ગણી શકાય.

1) પુરાવાના કાયદાની કલમ – 160 હેઠળ જયારે ફરિયાદી જણાવે કે તેણે ફરિયાદ લખવી છે અને વાંચી છે. પરંતુ તેની યાદદાસ્તમાં ન આવે પરંતુ ખાત્રીથી જણાવે છે કે તેણે ફરિયાદ લખાવતી વખતે તેમાં બધી હકીકત જણાવેલ હતી અને તે વાચેલી હતી.

2) પુરાવાના કાયદાની કલમ – 32 (1) હેઠળ જયારે કોઈ મરનાર વ્યક્તિએ મોતનું કારણ દર્શાવ્યું હોય અને મરણ પામે.

3) પુરાવાના કાયદાની કલમ – 6 હેઠળ જયારે પોલીસ સ્ટેશનમાં અધિકારીની હાજરીમાં ઈજા થાય અને ઈજા પામનાર વિનેદન કરે કે આરોપીએ તેને ઈજા કરી છે.

⇒ પુરાવા અધિનિયમ ટ્રિબ્યુનલ દ્વારા થયેલ તપાસણે લાગુ પડતો નથી. પછી તે તપાસ જ્યુડિશિયલ પ્રકારની હોય તો પણ કાયદાથી એવું ફરમાવ્યું છે કે આવા ટ્રિબ્યુનલે કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું પાલન કરવું.

⇒ ઘરગથ્થું તપાસને પણ આ અધિનિયમના નિયમો ચુસ્તપણે લાગુ પડે નહી.

⇒ ખાતાના સત્તાધિકારીઓએ તેમજ વહીવટી પુરાવા અધિનિયમ હેઠળ અપ્રસ્તુત જણાવ્યું હોય તેને ચુસ્તપણે વળગી રહેવાનું છે.

અમારી તમામ અપડેટ તમારા મોબાઈલ નંબર પર મેળવવા માટે 9722210596 પર job લખી મેસેજ કરો.